2020

# અહેવાલ




આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

## આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**અને**

## આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,

## ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**દ્વારા આયોજિત**

# “આદિવાસી પરંપરાગત હસ્તકલા – કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળો ”

**(Tribal Craft Trade Fair)**

**તારીખ : ૨૩ – ૧૨ – ૨૦૧૯ થી ૩૦ – ૧૨ – ૨૦૧૯**

**(સમય : બપોરે ૦૨.૦૦ કલાક થી રાત્રિના ૧૦.૦૦ કલાક)**

**સ્થળ : અમદાવાદ હાટ, વસ્ત્રાપુર, અમદાવાદ**

# ઉદ્ઘાટનનો મિનિટ ટુ મિનિટ કાર્યક્રમ

| | | | |
|---|---|---|---|
| | | તા.૨૩–૧૨–૨૦૧૯, સમય: સાંજે ૦૫.૦૦ થી ૬.૩૦ | |
| **ક્રમ** | **સમય** | **વિષય** | |
| ૧ | ૦૫.૦૦ થી ૦૫.૧૫ | **મહેમાનોને આવકાર અને સ્વાગત – રાઠવા આદિવાસી નૃત્ય દ્વારા** | |
| ૨ | ૦૫.૧૫ થી ૦૫.૪૫ | **મહાનુભાવોની સ્ટોલ મુલાકાત** | |
| ૩ | ૦૫.૪૫ થી ૦૫.૫૫ | **મહેમાનોનું સુતરની આટી થી સ્વાગત** | |
| ૪ | ૦૫.૫૫ થી ૦૬.૨૫ | **પ્રસંગોચિત ઉદ્દબોધન** | |
| | | ૧. ડૉ.રાજેન્દ્રભાઇ ખીમાણી, સ્વાગત પ્રવચન | |
| | | ૨. શ્રી વાય. બી. પટેલ, સંયુક્ત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ | |
| | | ૩. શ્રીમતી જયશ્રીબેન બાબરીયા, પ્રમુખ શ્રી પછાત મહિલા વિકાસ મંડળ | |
| | | ૪. અધ્યક્ષીય પ્રવચન– શ્રી અનુપમ આનંદ, સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ | |
| ૫ | ૬.૨૫ થી ૬.૩૦ | મેળા વિશે.... બે બોલ તથા આભાર દર્શન | |

150 YEARS OF CELEBRATING THE MAHATMA

# निमंत्रण

TRIBAL CRAFT TRADE FAIR

માન.શ્રી________________________________

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અને
આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા
આયોજીત

## આદિવાસી પરંપરાગત હસ્તકલા-કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળો

તા.૨૩-૧૨-૨૦૧૯ થી ૩૦-૧૨-૨૦૧૯ દરમિયાન
અમદાવાદ હાટ, વસ્ત્રાપુર સ્થળે યોજેલ છે

: કાર્યક્રમનું ઉદ્ઘાટન :

**શ્રી ગણપતસિંહ વસાવા**

માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, વન, મહિલા અને બાળ કલ્યાણના વરદ્ હસ્તે
તા.૨૩-૧૨-૨૦૧૯ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે કરવામાં આવશે

: અતિથિ વિશેષ :

**શ્રી રમણલાલ પાટકર**

માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, વન અને આદિજાતિ વિકાસ ઉપસ્થિત રહેશે
આપને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે





: નિમંત્રક :

**શ્રી અનુપમ આનંદ, IAS**
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**ડૉ. રાજેન્દ્ર ખીમાણી**
કા. નિયામક, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**શ્રી દિલીપ રાણા, IAS**
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ,
ગાંધીનગર

ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ

TRIBAL CRAFT TRADE FAIR

## આદિવાસી પરંપરાગત હસ્તકલા-કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળો
## (Tribal Craft Trade Fair)

વનબંધુ કલ્યાણ યોજના

**તા.૨૩-૧૨-૨૦૧૯ થી ૩૦-૧૨-૨૦૧૯**

**સમયઃ બપોરે ૨.૦૦ કલાકથી રાત્રે ૧૦.૦૦ કલાક**

### મેળાના મુખ્ય આકર્ષણો

૧. **આદિવાસી વિસ્તારની પરંપરાગત હસ્તકલા-કૃતિ વેચાણ અને પ્રદર્શન** (પિઠોરા, વારલી, મોતીકામ, માટીકામ,ભરત ગૂંથણ, મ્હોરા બનાવટ, વાંસની કૃતિઓ વગેરે)

૨. **પરંપરાગત આદિવાસી આહાર સ્ટોલ્સ**

૩. **પરંપરાગત ખેત ઉત્પાદન વેચાણ** (નાગલી, ચોખા, કઠોળ, મસાલા, અથાણાં, કાજુ વગેરે)

૪. **ગૌણવન પેદાશોનું વેચાણ** (મધ, મુશળી, ગુગળ વગેરે)

૫. **વન ઔષધિઓનું વેચાણ અને પ્રદર્શન**

### સાંસ્કૃતિક - નૃત્ય કાર્યક્રમ
**સમયઃ રાત્રે ૮.૦૦ કલાકથી ૯.૦૦ કલાક**

| | | | |
|---|---|---|---|
| ૧. | તા.૨૩-૧૨-૨૦૧૯ | રાઠવા જાતિ, છોટાઉદેપુર | હોળી નૃત્ય |
| ૨. | તા.૨૪-૧૨-૨૦૧૯ | વિદ્યાર્થી જૂથ (ગૂજરાત વિદ્યાપીઠ) | ડાંગી નૃત્ય |
| ૩. | તા.૨૫-૧૨-૨૦૧૯ | વસાવા જાતિ, નર્મદા | મેવાસી નૃત્ય |
| ૪. | તા.૨૬-૧૨-૨૦૧૯ | ગરાસિયા ભીલ જાતિ, બનાસકાંઠા | હોળી-ઘેર નૃત્ય |
| ૫. | તા.૨૭-૧૨-૨૦૧૯ | રાઠવા જાતિ, છોટાઉદેપુર | ઘેરૈયા નૃત્ય |
| ૬. | તા.૨૮-૧૨-૨૦૧૯ | વિદ્યાર્થી જૂથ (ગૂજરાત વિદ્યાપીઠ) | ટીમલી નૃત્ય |
| ૭. | તા.૨૯-૧૨-૨૦૧૯ | ભીલ જાતિ, દાહોદ | તલવાર નૃત્ય |

**આયોજક**

**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર**
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**આદિજાતિ વિકાસ વિભાગ**
ગુજરાત સરકાર, ગાંધીનગર

# આદિવાસી પરંપરાગત હસ્તકલા–કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળો

રાજ્યમાં વસવાટ કરતી આદિજાતિ વસતિ અને આદિજાતિ વિસ્તારોના ઝડપી વિકાસ માટે રાજ્ય સરકાર દ્ધારા આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ વનબંધુ કલ્યાણ યોજનાના માધ્યમથી આદિવાસીઓને સંબંધિત વિવિધ વિકાસ કાર્યક્રમોનું સાનુકૂળ રીતે અમલીકરણ કરીને આદિવાસીઓને તથા આદિજાતિ વિસ્તારને અન્ય સમાજ અને વિસ્તારની હરોળમાં લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ વિસ્તારમાં વિકાસની ગતિને તેજ બનાવવાના પ્રયાસોમાં આદિવાસીઓની વર્ષો જૂની પરંપરા, વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક વારસો અને તેમનું પરંપરાગત જ્ઞાન વગેરે બાબતોનું સંરક્ષણ અને સંવર્ધન થઈ શકે, તેનો પ્રસાર–પ્રચાર અને વિકાસ થાય તથા આદિવાસી કલા–કારીગરોને આત્મગૌરવ મળે સાથે–સાથે આ પરંપરાગત કલાના માધ્યમથી આદિજાતિ સમુદાયના રોજગારીના નવા ક્ષેત્રોનો વિકાસ થાય તેવા ઉમદા હેતુસર આદિજાતિ વિકાસ વિભાગ દ્ધારા વર્ષ–૨૦૧૬ થી પરંપરાગત આદિવાસી હસ્તકલા–કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળાઓનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬ માં કરવામાં આવેલ પરંપરાગત આદિવાસી હસ્તકલા–કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળાના સારા અનુભવને લઈને વર્ષ ૨૦૧૬–૧૭ માં આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્ધારા પરંપરાગત આદિવાસી હસ્તકલા–કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળાઓને નવી બાબતમાં સામેલ કરીને તેને એક યોજના તરીકે મંજૂર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત આદિજાતિ વિકાસ વિભાગ દ્ધારા ૨૦૧૬–૨૦૧૭ થી દર વર્ષે આ પ્રકારના મેળાઓનું આયોજન કરવાનું કામ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્ધારા કરવામાં આવે છે. આ મેળાના માધ્યમથી હસ્તકલા–કારીગરોને રોજગારીનો એક નવો અવસર મળ્યો, પંરપરાગત આદિવાસી હસ્તકલા–કૃતિ, પંરપરાગત જ્ઞાન અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરીને રાજ્ય અને રાષ્ટ્રના મોટા ફલક પર તેને વિસ્તારવાનો સરકારનો આ મહત્વપૂર્ણ પ્રયાસ છે. જેના ભાગ રૂપે આદિવાસીઓના વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક કલા વારસાનું રક્ષણ અને સંવર્ધન કરવા માટે આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્ધારા ગુજરાતના આદિવાસી સમુદાયોને પોતાની પરંપરાગત કલા અને સંસ્કૃતિનું પ્રદર્શન કરવાનો અવકાસ પુરો પાડવામાં આવી રહ્યો છે. તેના માધ્યમથી આદિવાસી સમુદાય માટે તેની પરંપરાગત હસ્તકલા–કૃતિ ઔષધિય જ્ઞાન, સાંસ્કૃતિક વિરાસત વિગેરે બાબતોના માધ્યમથી રોજગારીની તકો ઉભી થશે, આદિવાસી કલા–કારીગરોને તેમની કલા વિસ્તારવા બદલ આત્મગૌરવ પ્રાપ્ત થશે સાથે–સાથે આદિવાસીઓનો પરંપરાગત વારસો જળવાઈ રહેશે. આ સમગ્ર બાબતોને ધ્યાનમાં રાખીને પરંપરાગત આદિવાસી હસ્તકલા–કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળાઓ યોજવાનો હેતુ ભવિષ્યમાં બહુહેતુક સાબિત થશે.

તા.૨૩–૧૨–૨૦૧૯ થી ૩૦–૧૨–૨૦૧૯ સુધી આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્ધારા અમદાવાદ હાટ, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે આદિવાસી પરંપરાગત હસ્તકલા–કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળાનું આયોજન કરવામાં આવ્યુ, આ મેળામાં આદિજાતિ વિસ્તારના હસ્તકલા–કારીગરો પરંપરાગત વનૌષધિ, પરંપરાગત ખાણી–પીણી સહિત કુલ–૮૨ સ્ટોલ્સમા વિવિધ ચિજવસ્તુઓનુ વેચાણ અને પ્રદર્શન કરવામાં આવ્યુ આ તમામ સ્ટોલ્સ ધારકો એટલે કે હસ્તકલા–કારીગરો, વૈદ્ય–ભગતો, આદિવાસી બનાવટો બનાવતી બહેનો વિગેરે આદિજાતિ વિસ્તારોમાથી તમામ પ્રાયોજના કચેરીઓના સહયોગ અને TRTI ના સંકલનથી આદિવાસી હસ્તકલા કૃતિ–વેચાણ અને પ્રદર્શન મેળો તા.૨૩–૧૨–૨૦૧૯ થી તા.૩૦–૧૨–૨૦૧૯ સુધી આઠ દિવસ ચાલ્યો.




આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા આયોજિત "આદિવાસી પરંપરાગત હસ્તકલા–કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળા" નુ આયોજન અમદાવાદ હાટ, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે કરવામા આવ્યુ હતુ. આદિવાસીઓની પારંપારિક ઢબ પ્રમાણે મેળાને સુશોભિત કરવામાં આવ્યો.





"આદિવાસી પરંપરાગત હસ્તકલા–કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળા" ને માન. સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, શ્રી અનુપમ આનંદ સાહેબશ્રીના આગમન આદિવાસી  પરંપરા મુજબ રાઠવા આદિવાસી નૃત્ય સાથે તથા કંકુ–ચોખા, તિલક કરીને આવકારવામા આવ્યા તે સાથે વિભાગના સંયુક્ત સચિવશ્રી, વાય. બી. પટેલ, નિયામકશ્રી ડૉ. રાજેંદ્ર ખીમાણી તેમજ મદદનિશ કમિશ્નરશ્રી અમદાવાદ આ પ્રસંગે સહભાગી થયા.

## મેળાનુ ઉદ્ઘાટન



"આદિવાસી પરંપરાગત હસ્તકલા–કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળા" માં માન. સચિવશ્રી, અનુપમ આનંદ તથા સંયુક્ત સચિવશ્રી વાય. બી. પટેલ દ્વારા સુતરની આટીઓ વાળી રિબિન છોડી, દિપ પ્રાગટ્ય કરી વિધિવત રીતે આદિવાસી પરંપરાગત હસ્તકલા–કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળાને ખુલ્લો મુકવામાં આવ્યો.

## દિપ પ્રાગટ્ય



## માન. સચિવશ્રી અને મહાનુભાવો દ્વારા હસ્તકલા – કૃતિ મેળામાં વિવિધ સ્ટોલ્સની મુલાકાત





"આદિવાસી પરંપરાગત હસ્તકલા–કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળા" મા માન. સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, માન. સંયુક્ત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર અને મદદનિશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, અમદાવાદ વિગેરે મહાનુભાવોએ મેળામા લાગેલ તમામ ૮૨ સ્ટોલ્સની મુલાકાત લીધી. સ્ટોલ્સમાં પ્રદર્શિત કરેલ પરંપરાગત હસ્તકલા–કૃતિ, વનૌષધીય વસ્તુઓ, ફુડ આઈટમ નિહાળી તેમજ હસ્તકલાકારોની જરૂરિયાતો વિશે જાણકારી મેળવવા માટે જણાવેલ.

## મીડીયાને મેળા વિશે અવગત કરાવતા માન.સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ



## મેળામા હસ્તકલાકારોને માન. સચિવશ્રી દ્વારા સંબોધન







“આદિવાસી પરંપરાગત હસ્તકલા–કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળા” નિમિત્તે યોજાયેલ સંબોધન સભામાં માન. સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, માન. સંયુક્ત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, નિયામકશ્રી વિગેરે મહાનુભાવોએ તમામ હસ્તકલાકારો અને સ્ટોલ ધારકોનુ શબ્દોથી અભિવાદન કર્યુ તેમના કામને બિરદાવ્યા અને ભવિષ્યમા આવા કાર્યક્રમોના માધ્યમથી આદિવાસીઓની પારંપારિક હસ્તકલા–કૃતિના જ્ઞાનનો બહોળો પ્રસાર–પ્રચાર થાય, તેમાથી રોજગારીનો અવકાશ પ્રાપ્ત થાય અને આ સબંધી સરકારશ્રી દ્વારા જરૂરી તમામ પગલા લેવા અંગે આગળની કામગીરી કરવા આહવાન કર્યુ.





મેળાના ઉદ્દઘાટન બાદ માન. સચિવશ્રીની અધ્યક્ષતામા હસ્તકલા–કારીગરોને આ કાર્યક્રમમા સહભાગી થવા બદલ સંબોધન કરવા માટે એક બેઠકનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા સૌપ્રથમ ડૉ. રાજેંદ્ર ખીમાણી, નિયામક, TRTI એ ઉપસ્થિત સૌ મેહમાનો તથા હસ્તકલા–કારીગરોને આવકાર્યા અને ભાગ લેવા બદલ આભાર વ્યકત કર્યો હતો તેમજ મંચ પર બિરાજમાન તમામ મહાનુભાવોને પણ આ કાર્યક્રમમા આવકાર્યા હતા. ત્યાર બાદ માન. સંયુક્ત સચિવશ્રી અને આ મેળાના લાયઝન અધિકારી શ્રી વાય. બી. પટેલે આ મેળાના આયોજનથી લઈને તેની પૂર્ણાહુતિ સુધી સરસ રીતે કાર્યક્રમ સફળ બને તે માટે તમામ આયોજન સહભાગીઓને બિરદાવ્યા હતા.

અંતે આ કાર્યક્રમનુ અધ્યક્ષીય ઉદ્દબોધન કરતા માન. શ્રી અનુપમ આનંદ, IAS સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ એ ઉપસ્થિત હસ્તકલાકારો સહિત અન્ય તમામને આ કાર્યક્રમમાં ભાગ લેવા બદલ આભાર વ્યક્ત કર્યો અને પરંપરાગત આદિવાસી હસ્તકલા–કૃતિના જ્ઞાનનો વધુ પ્રચાર થાય, લોકોને તેનો વધુ લાભ થાય તથા આ મેળાના માધ્યમથી આદિવાસીઓની આ પરંપરાગત આવડત, કલાને વેગ મળે, અન્ય સમાજને તેનો લાભ થાય અને તેના માધ્યમથી આદિવાસી કલા–કારીગરોને તેમાથી રોજગારી પ્રાપ્ત થાય, એક પ્લેટફોર્મ મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામા આવે તેવી આશા વ્યક્ત કરી હતી. અંતમાં માન. સચિવશ્રીએ તમામ હસ્તકલાકારોની જરૂરીયાતોને પરીપૂર્ણ કરવા માટે સંબધિત અધિકારીઓને તાકિદ કરી અને આગળ આવા આયોજનો કરીને હસ્તકલા–કૃતિની વસ્તુઓનો વધુ પ્રચાર–પ્રસાર કરવા માટેનુ સુચન કર્યુ.








"આદિવાસી પરંપરાગત હસ્તકલા–કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળા" મા કુલ ૮૨ સ્ટોલ્સ પૈકી હસ્તકલા–કૃતિ, વનઔષધિ, ક્રાફ્ટ સ્ટોલ્સ તેમજ પરંપારિક આદિવાસી ઓર્ગેનિક ફુડ અંગેના ખાણી–પીણીના સ્ટોલ્સનો સમાવેશ કરવામાં આવેલ. આ સ્ટોલ્સમા બામ્બુ વર્ક, પિઠોરા–વારલી પેઇંટીંગ, મોતીકામ, માટીકામ, ભરત–ગૂંથણ, મ્હોરા, સજીવ ખાદ્ય પેદાશો, નાગલીની બનાવટો તથા આદિવાસી આહાર–વાનગીઓ, ગૌણવન પેદાશ, વનૌષધિઓ અને કાજુની બનાવટો ઉપલબ્ધ હતી. મેળામા મોટી સંખ્યામા લોકોએ મેળાને નિહાળ્યો અને હસ્તકલા–કૃતિની ખરીદી કરી, વાનાગીઓનો સ્વાદ માણયો તેમજ વનૌષધિ અને વૈદ્ય–ભગતોની સારવાર લીધી હતી.





તા.૨૪–૧૨–૨૦૧૯ના રોજ માન. પી.એસ.(આર.આર) અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી – જી.એસ.ડી.એમ.એ. શ્રી અનુરાધા મલ્લએ મેળાની મુલાકાત કરી અને મેળામાં ઉપસ્થિત હસ્તકલાકારીગરોની વિવિધ હસ્તકલા–કૃતિઓથી સજ્જ સ્ટોલ્સની જાણકારી મેળવી તેઓ એ હસ્તકલાકારીગરો દ્વારા પ્રદર્શિત કરેલ હસ્તકલા–કૃતિઓ અને તેના ઉપયોગ વિશે હસ્તકલાકારીગરો સાથે ચર્ચા, વિચાર વિમર્શ કર્યો આદિવાસી ખાદ્ય– બનાવટોનો સ્વાદ માણ્યો હતો. મેળામા તેમણે આયોજકો સાથે ચર્ચા દરમ્યાન ક્રાફ્ટ સ્ટોલને કાયમી ધોરણે સ્થાપવાની વાત કરી હતી. આ આયોજન માટે આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠને શુભેચ્છા પાઠવી.

## સાંસ્કૃતિક કાર્યક્રમો





સમગ્ર મેળાના દિવસો દરમ્યાન દરરોજ સાંજે ૦૮.૦૦ થી ૦૯.૦૦ કલાક એમ એક કલાક માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામા આવેલ હતુ જેમા દરરોજ અલગ–અલગ આદિજાતિ વિસ્તારની નૃત્ય ટીમોને નૃત્યનુ પ્રદર્શન કરવા માટે આમંત્રિત કરવામા આવેલ.

## આદિવાસી પરંપરાગત હસ્તકલા-કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળામા વસ્તુના વેંચાણથી હસ્તકલાકારોને થયેલ આવક

| પરંપરાગત આદિવાસી વનૌષધીય મેળામાં આવક | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | તારીખ | મુલાકાતિઓની સંખ્યા | થયેલ વેંચાણ | મળેલ ઓર્ડર |
| ૧ | ૨૩/૧૨/૨૦૧૯ | ૭૯૧ | ૬૯,૫૩૦.૦૦ | ૦૦.૦૦ |
| ૨ | ૨૪/૧૨/૨૦૧૯ | ૧૨૦૫ | ૧,૦૩,૬૨૫.૦૦ | ૭,૦૦,૦૦૦.૦૦ |
| ૩ | ૨૫/૧૨/૨૦૧૯ | ૧૪૨૧ | ૧,૩૮,૬૮૦.૦૦ | ૦૦.૦૦ |
| ૪ | ૨૬/૧૨/૨૦૧૯ | ૧૧૭૧ | ૯૮,૨૩૦.૦૦ | ૦૦.૦૦ |
| ૫ | ૨૭/૧૨/૨૦૧૯ | ૭૭૦ | ૮૫,૮૪૫.૦૦ | ૦૦.૦૦ |
| ૬ | ૨૮/૧૨/૨૦૧૯ | ૯૧૪ | ૯૮,૪૨૫.૦૦ | ૦૦.૦૦ |
| ૭ | ૨૯/૧૨/૨૦૧૯ | ૧૩૬૬ | ૧,૪૭,૮૪૦.૦૦ | ૦૦.૦૦ |
| ૮ | ૩૦/૧૨/૨૦૧૯ | ૧૧૪૭ | ૧,૩૮,૭૪૦.૦૦ | ૦૦.૦૦ |
| **કુલ** | | **૮૭૮૫** | **૮,૮૦,૯૧૫.૦૦** | **૭,૦૦,૦૦૦.૦૦** |



આ મેળો તા.: ૨૩/૧૨/૨૦૧૯ થી તા. ૩૦/૧૨/૨૦૧૯ એમ કુલ આંઠ દિવસ સુધી ચાલેલ જેમા કુલ **૮૭૮૫** લોકોએ મેળાની મુલાકાત લીધી હતી. અને આ આંઠ દિવસ દરમ્યાન તમામ ૮૨ સ્ટોલ્સ મળીને કુલ રૂ. **૧૫,૮૦,૯૧૫.૦૦**/- ની આવક થઈ હતી.

આ મેળામાં આવનાર તમામ હસ્તકલાકારોને રહેવા જમવાની તેમજ આવવા જવાના ભાડાની વ્યવસ્થા સહિત અન્ય તમામ સુવિધા સરકાર દ્વારા નિઃશુલ્ક પુરી પાડવામાં આવેલ હતી.

## મેળાનો પૂર્ણાહુતી કાર્યક્રમ

તારીખ : ૩૦/૧૨/૨૦૧૯ ના રોજ સાંજે ૭.૦૦ કલાકે “આદિવાસી પરંપરાગત હસ્તકલા–કૃતિ વેચાણ અને પ્રદર્શન મેળા”ના પૂર્ણાહુતિ કાર્યક્રમનુ આયોજન ડૉ. ભરતભાઇ જોષી, કા. કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠના અધ્યક્ષસ્થાને કરવામા આવ્યુ હતુ. ડૉ. હેમુભાઇ જાંબુકિયા, નાયબ કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, ડૉ. ભાટીયા સાહેબ, મદદનિશ પ્રાધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. દેવચંદ વહોનિયાએ ઉપસ્થિત મહાનુભાવોનો પરિચય કરાવ્યો, આ પૂર્ણાહુતિ કાર્યક્રમમા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તમામ હસ્તકલાકારોને મેળામાં ભાગ લેવા બદલ પ્રમાણપત્રો વિતરણ કરવામા આવ્યા.

આ અવસરે ગૂજરાત વિદ્યાપીઠના કા. કુલસચિવશ્રી ડૉ. ભરતભાઇ જોષીએ અભિવાદનમાં તમામ હસ્તકલાકારોનો જુસ્સો વધારતા આ મેળાના આયોજનને લઇને પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમજ આ આંઠ દિવસો દરમિયાન આપ સૌ લોકોએ હસ્તકલા કારીગરીનો જે પ્રચાર–પ્રસાર અને વેચાણ કર્યુ છે તે બદલ લોકો આધુનિક વસ્તુઓની સાથે – સાથે પરંપારિક ચીજ–વસ્તુઓને પણ લેવાનુ પસંદ કરી રહ્યા છે તે આ મેળાના સફળ આયોજનનો ખ્યાલ આવી રહ્યો છે. આમ આ સંપૂર્ણ મેળાના આયોજન બદલ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની ટીમની પણ સરાહના કરી.

**હસ્તકલા–કારીગરોએ આપેલ અભિપ્રાયોઃ**

- આમારી હસ્તકલા–કૃતિઓનું વેચાણ ખુબ સારૂ થયુ છે, અમારી સેવાઓ શહેરી જનોને ખૂબ જ પસંદ આવી છે અમો આ કામગીરી વધુ સારી રીતે કરી શકીએ તે માટે સરકારની મદદ ખુબજ જરૂરી છે અમને આ બાબતની આવશ્યક તાલીમ મળે તેવી વ્યવસ્થા થવા વિનંતી.
- અહિ આવી બિજા લોકોને મળી અમારા એક બિજા સાથેના સંબંધો વધુ કેળવાયા છે.
- આ આંઠ દિવસ દરમ્યાન આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના સ્ટાફે અમને જોઇતી બધીજ મદદ પૂરી પાડી હતી.

## સારાંશ

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા તા.૨૩–૧૨–૨૦૧૯ થી તા.૩૦–૧૨–૨૦૧૯, અમદાવાદ હાટ, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળાનું આયોજન કરવામાં આવ્યુ. આ આયોજન પાછળનો મુખ્ય હેતુ આદિજાતિ વિસ્તારમા વિદ્યમાન હસ્તકલાકારોને એક મંચ પર લાવી તેને મોટા ફલક પર પહોચાડી, આ સેવાનો વધુ પ્રચાર–પ્રસાર થાય, લોકોને આદિવાસી ઉડાંણાના વિસ્તારમાં પડેલ હસ્તકલા–કૃતિ, કિમતી વનૌષધિયો, આદિવાસી વાનગીઓ સમાન્ય લોકો સુધી પહોચે અને ઉપયોગી બને અને તેનો બહોળો પ્રચાર–પ્રસાર થાય તથા હસ્તકલાકારોને પ્રોત્સાહન મળે તે ઉદ્ધેશ્યથી આ આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ મેળામા કુલ–૮૨ સ્ટોલ ના કુલ ૧૬૬ સ્ટોલ ધારકો હતા. આ તમામ આદિજાતિ હસ્તકલાકારો તમામ ૧૪ આદિજાતિ જિલ્લાઓમાથી આવેલા. આ મેળામા આંઠ દિવસ દરમ્યાન બહોળી સંખ્યામા લોકોએ ભાગ લીધો અને મેળામા મળતી તમામ સેવાઓનો ભરપૂર લાભ લીધો. આ મેળામા કુલ ૭ નૃત્ય ટીમોએ ભાગ લીધો હતો જેમા ૨ નૃત્ય ટીમ વિદ્યાર્થી જૂથ, ગૂજરાત વિદ્યાપીઠના પણ હતા. આમ કુલ ૧૨૯ નૃત્યકારોએ ભાગ લીધો હતો. જેઓ દરરોજ સાંજે ૦૮.૦૦ થી ૦૯.૦૦ કલાક એમ એક કલાક માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામા આવેલ હતુ તેમા અલગ–અલગ આદિજાતિ વિસ્તારનુ નૃત્યનુ કરી લોકોને મનોરંજન પૂરુ પાડ્યુ હતુ અને પોતાના વિસ્તારની આદિવાસી સંસ્કૃતિની જાંખી કરાવી હતી. મુલાકાતીઓએ આ મેળાને લઇને જે પ્રતિભાવો આપ્યા હતા તે પૈકી મહત્વના અભિપ્રાય તરીકે આવા મેળાઓ દર વર્ષે નિયમિત થાય અને વધુ પ્રચાર–પ્રસાર કરવામાં આવે તથા આયોજનમાં સહયોગ કર્યો હતો. આવા મેળા નિયમિત પણે કરવા માટેનો આગ્રહ વ્યક્ત કર્યો હતો. કુલ ૮૭૮૫ થી પણ વધુ લોકોએ આ મેળાની મુલાકાત લીધી. અને આમ આ મેળામા કુલ રૂ. ૧૫, ૮૦, ૯૧૫.૦૦ નુ વેંચાણ થયુ.